# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત.-૩૯૫ ૦૦૭.
(Re-Accredited by NAAC with 'A' Grade)

## ધો.૧૨(વિજ્ઞાન પ્રવાહ) પછીના B.Sc., B.Sc. Computer Science અને M.Sc. Integrated Biotechnology અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧

ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના B.Sc., B.Sc. Computer Science અને M.Sc. Integrated Biotechnology અભ્યાસક્રમોમાં પ્રથમ સેમેસ્ટર માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોની બેઠકો માટે પ્રવેશ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. વિદ્યાર્થીની પસંદગી મુજબ જેતે કોલેજમાં મેરીટ મુજબ એડમિશન મેળવવાનું રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | પ્રવેશ યોગ્યતા | B.Sc. તથા B.Sc. Computer Science માટે ઉમેદવાર ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) સાથે પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. તેમજ M.Sc. Integrated Biotechnology માટે વિદ્યાર્થીએ ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ની પરીક્ષા B ગ્રુપ અથવા A + B ગ્રુપ સાથે પાસ કરેલ હોવી જોઈએ. |
| ૨ | ઓનલાઈન અરજી કરવાની તારીખ | B.Sc., B.Sc. Computer Science અને M.Sc. Integrated Biotechnology માટે તા. ૧૦/૦૬/૨૦૨૦ થી તા. ૨૨/૦૬/૨૦૨૦ યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર અરજી કરવાની રહેશે. |
| ૩ | માહિતી પુસ્તિકા અને રજીસ્ટ્રેશન ફી | પ્રવેશ અંગેની માહિતી પુસ્તિકા ઓનલાઈન પીડીએફ ફોર્મેટ (સોફ્ટ કોપી)માં ઉપલબ્ધ છે. પ્રવેશ માટેની પ્રોસેસીંગ ફી ઓનલાઈન નેટબેંકીંગ અથવા ડેબીટ / ક્રેડીટ કાર્ડથી રૂા. ૨૦૦/- ભરવાની રહેશે. અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી. |
| ૪ | ડોક્યુમેન્ટ સબમીશન | તમામ વિદ્યાર્થીઓએ માર્કશીટ તથા (SC, ST, SEBC, P.H. EWS, Sports) ના તમામ દસ્તાવેજો ફરજીયાત ઓનલાઈન જ અપલોડ કરવાના રહેશે. ડોક્યુમેન્ટ જમા કરવા કે વેરીફાઈ કરાવવા કોલેજ કે યુનિવર્સિટી ખાતે રૂબરૂમાં જવાનું રહેશે નહી. વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવીઝનલ ગણાશે કોઈ પણ તબકકે રજુ કરેલ ડોક્યુમેન્ટ ની સત્યતા બાબતે અથવા પ્રવેશ માટેની નિર્ધારીત લાયકાત અંગે કોઈ વિસંગતા ઉભી થશે તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહીતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે. ઓનલાઈન ફોર્મ ભરવામાં થતી મુઝવણો માટે હેલ્પલાઈન નંબર પર જ પુછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે. |

ઉમેદવારે એડમીશનને લગતી માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર વખતો વખત જોતા રહેવું. ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ડેબીટ / ક્રેડીટ કાર્ડ / નેટબેકિંગ માટે જે મોબાઈલ ફોન રજીસ્ટર હોય તે સાથે રાખવો.

**નોંધ :** CBSE તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ૧૦% સરકારશ્રીના આદેશાનુસાર બેઠકો અનામત રાખવામાં આવેલ છે. CBSE નાં પરિણામ જાહેર થયા બાદ આ બેઠકો માટે અલગથી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

B.Sc. અને M.Sc. Integrated Biotechnology માટે એક તથા B.Sc. Computer Science માટે અલગ ફોર્મ ભરવાનું રહેશે.

**તા. ૦૯.૦૬.૨૦૨૦**
**સ્થળ : સુરત.**

**ઈન્ચાર્જ કુલસચિવ**
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**

Scanned with CamScanner